ડીસા-રાધનપુર હાઈવે પર રખડતા ઢોરોનો ત્રાસ

માર્ગ અકસ્માતની ભીતિ છતાં તંત્રની ચુપકીદી

ડીસા, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાની મધ્યમાંથી

પસાર થતો ચાર માર્ગીય નેશનલ હાઈવે છેક રાધનપુરને જોડે છે. જે નેશનલ હાઈવે નજીક કંડલા બંદર હોવા સાથે બનાસકાંઠા અને રાજસ્થાનને પણ સાંકળે છે. તેથી આ હાઈવે ઉપર રાત-દિવસ વાહનોનો વધુ ઘસારો રહે છે. હાઈવે ઓથોરીટી સંચાલિત આ હાઈવે ઉપર ઠેર ઠેર ટોલ નાકા કાર્યરત છે. જ્યાં ભારે વાહનોના ચાલકોને ફરજીયાત ટોલટેક્સ ચૂકવવો પડે છે જેમાંથી હાઈવે રોડના સમારકામની સાથે ચાલકોની સલામતી કરવાની પણ સરકારે જોગવાઈ કરેલી છે.

પરંતુ છેલ્લા ઘણા સમયથી હાઈવે રોડ ઉપર રખડતા ઢોરોનો અડીંગો જોવા મળે છે. ડીસાથી રાધનપુર હાઈવે ઉપર ઠેકઠેકાણે રખડતા ઢોરના ટોળે ટોળા અચૂક જોવા મળે છે. જેના કારણે અનેક વખત ગમખ્વાર માર્ગ અકસ્માતો પણ સર્જાયા છે.

જેમાં અનેક માનવીય જિંદગીઓ અકાળે કાળના ખપ્પરમાં હોમાઈ ચૂકી છે. અકસ્માત બાદ ભારે હોબાળો થાય છે પણ પાછળથી રાબેતા મુજબ વાહન વ્યવહાર શરૂ થઈ જતાં હોબાળો ક્ષણજીવી નીવડે છે જેના કારણે જાણે વધુ એક માર્ગ અકસ્માતની રાહ જોવાય છે. જેના લીધે હાઈવે ગોઝારો પુરવાર થયો છે. તેમ છતાં હાઈવે ઓથોરિટી દ્વારા હાઈવે ઉપરથી રખડતા ઢોર હટાવવાની કોઈ નક્કર કે ઠોસ કાર્યવાહી થતી નથી. જેથી અમૂલ્ય માનવ જિંદગીઓ અકાળે કાળનો કોળિયો બનવા સાથે કેટલાય કમભાગી અકસ્માતમાં દિવ્યાંગ બની જિંદગીભર નર્કની યાતના ભોગવવા મજબૂર બને છે.

માર્ગ અકસ્માત ટાળવાના રૂપાળા બહાને સરકાર ટ્રાફિક નિયમનના કડક કાયદા બનાવી વાહન ચાલકોની ઉઘાડી લૂંટ કરે છે પણ તેમને સલામતી આપવામાં પાછી પાની કરે છે. તેવો સુર વાહન ચાલકોમાં ઉઠવા પામ્યો છે. ત્યારે હાઈવે ઉપર મોત બનીને આડેધડ રખડતા ઢોરો હટાવવા નક્કર કાર્યવાહીની પ્રબળ લોક માંગ ઉઠવા પામી છે. જિલ્લા કલેકટર માનવીય અભિગમ દાખવીને પણ ઘટતી કાર્યવાહી કરે તેવો જનમત પ્રવર્તે છે.

નવા સંશોધન મામલે ગુજરાત સૌથી અગ્રેસર છે : મુખ્યમંત્રી

વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ ટેકનોલોજી સમિટ શરૂ : વિજ્ઞાનમાં પ્રયાગો હોય છે નિષ્ફળતા નહીં : વિજય રૂપાણી

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સને વેચ આપવાની નેમ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, રાજ્ય સરકારના બધા વિભાગોની ચેલેન્જીસના સોલ્યુશન આર્ટિફિશિયલ ઈન્ટીલીજન્સ દ્વારા લાવી શકાય તે હેતુસર રાજ્યની યુનિવર્સિટીઓ અને કંપનીઓ જે ઈનોવેસન અને યુવા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપે છે તેમના સંયોજનથી એક કોન્ફરન્સ યોજી બધાના ઈન્વોલ્વમેન્ટથી આ ચેલેન્જીસના ઉપાયો આપણે લાવવા છે. તેમણે જ્ઞાન વિજ્ઞાન અને શોધ સંસાધનના ઉપયોગથી અને આઈટી ક્ષેત્રના નવા સંશોધનો દ્વારા માનવજાતના કલ્યાણ માટે ગુરાત અગ્રેસર બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

મુખયમંત્રીએ ગુજરાત

સાયન્સ સીટી ખાતે વાયબ્રન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટ-૨૦૧૯ને ખુલ્લી મુકતા જણાવ્યું હતું કે, યુવાનોની શક્તિ-સામર્થ્ય દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કલ્પના મુજબના નવા ભારતના નિર્માણમાં યુવાનોની અહમ ભૂમિકા બની રહેવાની છે.

તેમણે કહ્યું હતું કે, આજના યુવાનોમાં પુરતી સાહસ, ધગશ અને કંઈક નવું શોધવાની તમન્ના છે ત્યારે યુવાનોને બળ આપવા આવી સમિટના ચર્ચા-મંથન ખુબ ઉપયોગી બની રહેશે. શોધ-સંશોધનની જરૂરિયાત સમજાવવા તેમણે કહ્યું હતું કે, જરૂરિયાત ઉભી થાય તો વિચાર આવે અને તેમાંથી નવું સંશોધન થતું હોય છે.

ગુજરાત સ્વાસ્થ્ય, ઉર્જા, ખેતી, દવા, કાપડ, સેવાક્ષેત્ર અને ઉદ્યોગોમાં અગ્રેસર છે ત્યારે નવા સંશોધનો દ્વારા માનવ વિકાસ માટેની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી શકાશે. વિજય રૂપાણીએ કહ્યું હતું કે, વિજ્ઞાનમાં નવા પ્રયોગો હોય છે પરંતુ તેમાં નિષ્ફળતા હોતી નથી. સતત પ્રયોગથી સફળતા જ મળે છે. તેમણે આજની સમિટમાં થનારા ચર્ચા-મંથન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ગુજરાત દેશમાં અગ્રેસર રહેશે તેવી મક્કમતા વ્યક્ત કરી હતી.

ઊંઝામાં લક્ષચંડી મહોત્સવને પગલે ભવ્ય તૈયારી : લાખો શ્રદ્ધાળુ આવશે

આગીમી તા.૧૮ ડિસેમ્બરથી ઉંઝા ખાતે ઐતિહાસિક અને ભવ્યાતિભવ્ય લક્ષચંડી મહાયજ્ઞ મહોત્સવનો પ્રારંભ થનાર છે. જગતજનની માં ઉમિયાના લક્ષચંડી મહાયજ્ઞ મહોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે લોકાની ભારે ઉત્સુકતા અને ઉત્સાહ વચ્ચે મહાયજ્ઞ પૂર્વે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જેમાં હજારોની સંખ્યામા પાટીદારો જોડાઈ રહ્યા છે. માં ઉમિયાના લક્ષચંડી મહાયજ્ઞ મહોત્સવમાં દેશ-વિદેશમાંથી કુલ ૫૦ લાખથી વધુ શ્રધ્ધાળુ ભકતો પધારવાના છે ત્યારે આવનારા તમામ ભકતજનોને વિનામૂલ્યે ભોજન-પ્રસાદ પ્રાપ્ય બની રહે તે હેતુથી આજે અન્નપૂર્ણા (ભોજન શાળા)માં ભોજન બનાવવાની પ્રકિયા શરૂ કરતાં પહેલા ચુલ્હા ચારી(અગ્નિકુંડ)ની શાસ્ત્રોક્ત વિધિ સાથે પૂજાવિધિ કરાઈ હતી. સૌકોઈએ મા અન્નપૂર્ણા અને માં ઉમિયાના આશીર્વાદ મેળવી પ્રસંગ સુંદરી રીતે પાર પડે તે માટેની પ્રાર્થના કરી હતી. લક્ષચંડી મહાયજ્ઞ મહોત્સવના ભવ્ય આયોજનમાં ઉમટનારા લાખો શ્રધ્ધાળુ ભકતો માટે નિઃશુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા માટે પવિત્ર અને શુધ્ધ વાતાવરણમાં ભોજનશાળા (અન્નપૂર્ણા)માં પણ શાસ્ત્રોકત વિધિ સાથેનો કાર્યક્રમ યોજાયો હતો.

ડીસા હાઈવે પર આવેલ હનુમાનજીનું મંદિર હટાવાયું

શ્રધ્ધાળુ પ્રજાની આસ્થા સાથે ધાર્મિક લાગણી દુભાઈ

ડીસા, તા. ૧૨

બનાસકાંઠાનું વેપારી મથક ડીસા દિન પ્રતિદિન વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે, પણ વિકાસની સાથે સાથે શહેરમાં ટ્રાફિકની સમસ્યા માથાના દુખાવા સમાન બની છે. રોજની ટ્રાફિકની સમસ્યા અને અકસ્માતોની વણઝારના પગલે ધારાસભ્ય અને જાગૃત નાગરિકો દ્વારા અવારનવાર રજુઆતો કરવામાં આવતા નેશનલ હાઈવે ઓથોરિટીએ તાજેતરમાં ફ્લાયઓવર બ્રિજને મંજુરી આપી હતી અને તેનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. જેમાં ડીસા માર્કેટયાર્ડથી બનાસનદી સુધી ઓવરબ્રિજ નિર્માણ કરવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. ઓવરબ્રિજની સાથે સાથે સર્વિસ રોડ પણ બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યુ છે. આ સર્વિસ રોડ બનાવવાની કામગીરી દરમિયાન હાઈવે ઉપરના અનેક નડતરરૂપ દબાણો દૂર કરવામાં આવ્યા છે જે કામગીરી દરમિયાન શહેરના વેલુંનગરની બહારની બાજુ ભારે આસ્થા ધરાવતું ઈચ્છાપૂર્ણ હનુમાનજીનું મંદિર પણ નડતરરૂપ જણાતું હોઈ નેશનલ

હાઈવે ઓથોરિટી દ્વારા ગઈકાલે ગુરુવારે તોડી પાડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જો કે ધાર્મિક સ્થળ તોડવાની વાત વાયુવેગે આસપાસમાં પ્રસરી ઉઠતા અનેક શ્રદ્ધાળુંઓ દોડી આવ્યા હતા. પરંતુ કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે હેતુથી હાઈવે ઓથોરિટી દ્વારા ચુસ્ત પોલોસ બંદોબસ્ત સાથે મંદિર તોડી પાડવામાં આવ્યું હતું. જેથી આસપાસ વસતા ધાર્મિક અને શ્રદ્ધાળુઓમાં ભારે દુઃખ સાથે નારાજગી જોવા મળી હતી. આ બાબતે ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ મંદિર તોડી પાડતા પૂર્વે અન્યત્ર જગ્યાએ ખસેડી લઈ બાદમાં તોડી પાડવામાં આવ્યું હોત તો લોકોની શ્રદ્ધા અને આસ્થા જળવાઈ રહેતી તેવી ચર્ચા જનસમુદાયમાં રોષ સાથે સાંભળવા મળી હતી.

મેઘરજ પોલીસની કામગીરી સામે સવાલો...

સ્ટેટ વિજિલન્સે પટેલઢુંઢા પાસેથી પાયલોટિંગ અને દારૂ ભરેલી બે વૈભવી કાર સહિત ૧૩ લાખનો મુદ્દામાલ જપ્ત

મેઘરજ, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રાજસ્થાન રાજયને સરહદને અડીને આવેલ ઉન્ડવા, સરથીણા, કાલિયાકુવા, હિંમતપુર જેવા ગ્રામ્ય વિસ્તારોમાંથી મેઘરજ

પોલીસની રહેમ નજર હેઠળ રાજસ્થાનમાંથી મોટાપાયે ગેરકાયદેસર વિદેશી દારૂનો જથ્થો ગુજરાતનના અલગ અલગ સ્થળે પહોંચાડાતો હોવાનો પર્દાફાશ સ્ટેટ વીજીલન્સ ગાંધીનગરની ટીમે કરી મોટા પ્રમાણમાં દારૂના જથ્થા અને બે વૈભવી કાર સાથે રૂ. ૧૩૫૮૫૩૦નો પ્રોહીબીશન મુદ્દામાલ ઝડપી પાડતા સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

મેઘરજ તાલુકો રાજસ્થાન સરહદને અડીને આવેલ તાલુકો હોવાથી ગુજરાતના બોર્ડરથી રાજસ્થાન રાજયમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો નાના મોટા વાહનો ધ્વારા ગુજરાતના અમદાવાદ, નડીયાદ, આણંદ, કપડવંજ, બાલાસીનોર અને નરોડા જેવા વિસ્તારોમાં લઈ જવાતો હોવાની ગેરકાયદેસર દારૂની બુટલેગરોની લાઈનનો પર્દાફાશ થતા સ્થાનિક પોલીસમાં હડકંપ મચી જવા પામ્યો છે. જેમાં મેઘરજ તાલુકાના સરહદી વીસ્તારોમાંથી તેમજ સરથુણાથી મોટાપાયે વિદેશી દારૂનો જથ્થો કેટલાક ઈસમો ધ્વારા અમદાવાદ પહોંચાડાતો હોવાની બાતમી સ્ટેટ વીજીલન્સ ટીમ ગાંધીનગરને મળતા સ્ટેટ વીજીલન્સ ટીમ ગાંધીનગરના પોસઈ. એચ.વી. ચૌધરી સહીતના સ્ટાફે માલપુરના હમીરપુર પાસે વાંચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીવાળી ગાડી આવતા ગાડીને આડી કરી ઉભી રાખી તપાસ કરતા ગાડીમાંથી પ્રોહીબીશન મુદ્દામાલ મળી આવ્યો ન હતો અને ચાલકની પુછપરછ કરતા ડ્રાયવરે પોતાનુ નામ નિર્ભયસિંહ ભીમસિંહ રાજપુતે અને બાજુમાં બેઠેલ ઈસમનુ નામ લક્ષ્મણસિંહ રાજપુત હોવાનુ જણાવેલ અને તેઓને દારૂની ગાડી વીશે પુછતા તેઓએ જણાવ્યુ હતુ કે અમોએ એક બ્રેજા અને એક કેટા કાર પરસોડા પાસે ઉભી રખાવેલ છે જે બાબતે પોલીસે ડસ્ટર કાર અને ખાનગી કારથી પરસોડા પાસે ઉભી બ્રેજા અને તેનાથી થોડે દુર કેટા ગાડી ઉભેલ હતી. જેથી સ્ટેટ વીજીલન્સની ખાનગી કારે બ્રેજાની બાજુમાં ટેકઓપ કરતા દારૂ ભરેલી બ્રેજા કારનો ચાલક દારૂ ભરેલી કાર લઈને મેઘરજ તરફ ભાગવા લાગ્યો હતો. તે દરમિયાન પટેલઢુંઢા ચોકડી પાસે બ્રેજા કારમાં ટેકનીકલ ખામી સર્જાતા કાર બંધ પડી જતા ચાલક કાર મુકીને ભાગી જવામાં સફળ રહ્યો હતો અને પોલીસે ગાડીને કબ્જે લઈ મેઘરજ પોલીસ મથકે લાવી બ્રેજા કારમાંથી દારૂની ગણતરી કરતા અલગ અલગ બ્રાન્ડની કુલ નંગ ૧૦૧૪ કીંમત રૂ. ૧,૭૭,૧૨૦ની કીંમતનો મોટા પ્રમાણમાં વિદેશી

દારૂ મળી આવ્યો હતો તેમજ બ્રેજા કાર નં. જીજે-૧-આરએસ-૪૫૯૫ કીંમત રૂ. ૬૦૦૦૦૦ તેમજ પાયલોટીંગ કરતી ડસ્ટર કાર નં. જીજે-૧૨-બીઆ-૩૧૬૨ કીંમત રૂ. ૬૦૦૦૦૦ તેમજ બે મોબાઈલ કિંમત રૂ.૪૫૦૦ તથા રોકડ રકમ રૂ.૧૬,૯૧૦ મળી કુલ રૂ.૧૩૫૮૫૩૦ના પ્રોહીબીશન મુદ્દામાલ સાથે ઝડપાયેલ ઈસમ ડ્રાયવર નિર્ભયસિંહ ભીમસિંહ રાજપુત તથા બાજુમાં બેસેલ લક્ષ્મણસિંહ ગવરસિંહ રાજપુત આ બંને ઈસમોને દબોચી લઈ દારૂની લાઈને ચલાવનાર અને બ્રેજા કાર મુકીને ફરાર થઈ જનાર ડ્રાયવર નિર્ભયસિંગ ભવાનિસિંગ રાજપુત રહે. બસ્સી તા. સલુમ્બર રાજસ્થાન, કેટા ગાડીનો ફરાર ડ્રાયવર ઈશ્વરસિંહ ભગતસિંહ રાજપુત રહે. દવાણા, તા. સરાડા ડુંગરપુળ રાજસ્થાન તેમજ સરથુણા ઠેકા પરથી દારૂનો જથ્થો ભરી આપનાર અને દારૂનો ગેરકાયદેસર વેપાર કરી અમદાવાદ મોકલનાર રૂપસિંગ ઉર્ફે પીન્ટુસિંહ તેમજ દારૂ મંગાવનાર રાજુ નામના શખ્સો વિરૂધ્ધ સ્ટેટ વિજીલન્સ ટીમના પો.સ.ઈ. વી.એન. ચૌધરીએ મેઘરજ પોલીસ મથકે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે ત્યારે મેઘરજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપાતા તેમજ મેઘરજના પાંડરવાસ નજીક સરકારી ક્વાટર્સ પાસે દેશી દારૂ વેચાતો હોવાનો વીડિયો શોશ્યલ મીડીયામાં વાયરલ થતા મેઘરજ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

બદલીના હુકમો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આર. જી. ગોહિલ	ડીડીઓ નવસારી	કલેક્ટર આણંદ
સુશ્રી પ્રવિણા ડી.કે.	કલેક્ટર, સાબરકાંઠા	કલેક્ટર, કચ્છ
સી. જે. પટેલ	શ્રમઆયુક્ત ગાંધીનગર	કલેક્ટર સાબરકાંઠા
સી.એમ.પાડલિયા	ડી.ડી.ઓ. અમરેલી	સંયુક્ત સચિવ સામાજીક ન્યાય
ગાર્ગી જૈન	ડી.ડી.ઓ. ખેડા	નાયબ સચિવ મહિલા-બાળ વિકાસ
ડી.એસ. ગઢવી	સંયુક્ત સચિવ સામાજીક ન્યાય	ડી.ડી.ઓ. ખેડા
કે. એલ. બચાણી	ના.મ્યુ. કમિશનર અમદાવાદ	સંયુક્ત નિયામક જી.આઈ.ડી.સી.
જી.એચ. ખાન	સી.પી.ઓ. આરોગ્ય કમિશનર	નાયબ નિયામક સરદાર પટેલ તાલીમ ભવન
ડૉ. વિપીન ગર્ગ	આસી. કલેક્ટર કરજણ	ડી.ડી.ઓ. નવસારી
સાલિની દુહાન	આસી. કલેક્ટર બોડેલી	નાયબ સચિવ ઉર્જા-પેટ્રોલિયમ
નિતીન સાગવાન	આસી. કલેક્ટર વેરાવળ	ના.મ્યુ. કમિશનર અમદાવાદ
ભવ્ય વર્મા	આસી. કલેક્ટર લીમડી	શ્રમ આયુક્ત ગાંધીનગર
ડૉ. એન. કે. ગવહને	આસી. કલેક્ટર ઈડર	સી.પી.ઓ. આરોગ્ય કમિ. કચેરી
દેવ ચૌધરી	આસી. કલેક્ટર દસક્રોઈ	ખાસ કમિશનર સ્વચ્છ ભારત મિશન
રવિન્દ્ર ખટલે	આસી. કમિશનર ધરમપુર	મેને.ડિરેક્ટર દ.ગુ. વીજકંપની
તેજસ પરમાર	આસી. કલેક્ટર દાહોદ	ડી.ડી.ઓ. અમરેલી
ડૉ. ઓમપ્રકાશ	આસી. કલેક્ટર રાજકોટ	ના.મ્યુ. કમિશનર અમદાવાદ

સુપ્રીમ કોર્ટમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાસ થયા બાદ એકબાજુ ભાજપ અને સાથી પક્ષોના કાર્યકરોએ જોરદાર ઉજવણી કરી હતી જ્યારે બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીએ આની નિંદા કરી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, નાગરિક સુધારા બિલ પાસ થવાની બાબત ભારત માટે કાળા દિવસ તરીકે છે.રાજ્યસભામાં બિલની તરફેણમાં ૧૨૫ અને વિરોધમાં ૧૦૫ મત મળ્યા હતા. શિવસેનાએ વોકઆઉટ કર્યો હતો. આ બિલની તરફેણમાં અને વિરોધમાં કેટલા મત પડે છે તેને લઈને ભારે ચર્ચા જોવા મળી હતી.

વરસાદના છાંટણા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોસમમાં પલ્ટો આવતા પલવારમાં જ વાતાવરણ પર વિપરિત અસર જોવા મળી હતી. આકરી ઠંડીની શરૂઆત સાથે વરસાદી વાદળો પણ ગોરંભાતા નગરજનોએ વિચિત્ર મોસમનો અહેસાસ કર્યો હતો. મોડી સાંજે પેથાપુર અને વાવોલ સહીત જુના સેકટરોમાં વરસાદી ઝાપટાના લીધે માર્ગો ભીંજાઈ ગયા હતા.

જયારે કેટલાક સેકટરોમાં વરસાદી છાંટણાના લીધે ભીંજારો જોવા મળ્યો હતો. વરસાદના લીધે વાતાવરણમાં ઠંડીની મોસમ વધુ આકરી પુરવાર થઈ હતી. વરસાદી છાંટણા અને સુસવાટા મારતા ઠંડા પવન સાથે કોલ્ડવેવની અસરથી શહેરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે બપોરના સમયે મહત્તમ તાપમાન ૩૦.૩ડીગ્રી રહ્યુ હતુ. જેના લીધે બપોરે નગરજનોએ આકરી ગરમી અનુભવી હતી.

ખરીદી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે તંત્રના સૂત્રોનુ કહેવુ છે કે ૭૦૦થી વધુ ખેડૂતોને ઉત્પાદન સાથે આવવાના સંદેશા અપાયા છે પણ હજુ સુધી માત્ર ૪૪૦ જ ખેડૂતો આગળ આવ્યા છે.

એનિમિયાની અસર ધરાવતી મહિલા પોલીસ કર્મીઓ નથી

અમદાવાદ મેડિકલ એસોસીએશન અને વિમેન ડોક્ટર્સ વિંગ દ્વારા અમદાવાદ મેડિકલ એસોસીએશનની ઓફિસ ખાતે તાજેતરમાં અમદાવાદ શહેર પોલીસ તંત્રમાં ફરજ બજાવતી ૧૬૦૦ જેટલી મહિલા કર્મચારીઓના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી હતી, મહિલા પોલીસ કર્મચારીઓના સ્વાસ્થ્યની સારી અને હકારાત્મક બાબતો સામે આવી હતી. ખાસ કરીને તીવ્ર એનીમીયાની અસર ધરાવતી એકપણ મહિલા પોલીસ કર્મી નહી હોવાનું સ્પષ્ટ થયુ હતું, જેને લઈને મહિલા પોલીસ કર્મચારીઓની સાથે સાથે પોલીસ તંત્રમાં પણ ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી. અમદાવાદ પોલીસ તંત્રમાં ફરજ બજાવતી મહિલા પોલીસ કર્મચારીઓ માટે ખાસ પ્રકારે અમદાવાદ મેડિકલ એસોસીએશન અને વિમેન ડોક્ટર્સ વિંગ દ્વારા સ્વાસ્થ્યનાં નિદાનનો કેમ્પ યોજવામાં આવ્યો હતો.

હિંસક દેખાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિબ્રુગઢમાં સંચારબંધી લાગૂ કરવામાં આવી છે. નાગરિક સુધારા બિલને લઈને જારી વિરોધ પ્રદર્શન અને વ્યાપક હિંસા વચ્ચે કાનુન અને વ્યવસ્થાની સ્થિતી વણસી રહી છે ત્યારે સ્થિતીને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સ્થિતીને કાબુમાં લેવા માટે સૈનાની બે ટુકડી પણ તૈનાત કરવામાં આવી છે. આસામના ૧૦ જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા પણ પૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવી છે. બીજી બાજુ ત્રિપુરામાં પણ હાલત કફોડી બની રહી છે. ત્રિપુરામાં વિરોધ પ્રદર્શન જારી છે. આસામ રાઈફલ્સના જવાનોને ત્યાં તૈનાત કરવામાં આવ્યા છે. આસામ રાઈફલની એક એક ટુકડીને ત્રિપુરાના કંચનપુરા અને મનુમાં તૈનાત કરવામાં આવી છે. પરીક્ષાને સ્થગિત કરવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આસામમાં તો કેટલીક ફ્લાઈટો રદ કરવામાં આવી છે.નાગરિક સુધારા બિલને લઈને દેશના કેટલાક ભાગોમાં વિરોધ પ્રદર્શન અને હિંસા જારી છે. આસામમાં સૌથી વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ ગઈ છે. પ્રદર્શન વધુ તીવ્ર બનતા અનેક ટ્રેનોને રદ કરવામાં આવી છે. સેનાને પણ બોલાવવાની ફરજ પડી છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રદર્શન દરમિયાન રાજ્ય સચિવાલયની પાસે વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. પોલીસે દેખાવકારો ઉપર ટીયરગેસના સેલ છોડ્યા હતા. ડિબ્રુગઢમાં સેનાને બોલાવવાની ફરજ પડી હતી. અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે. કેટલીક ટ્રેનોના રુટ બદલી દેવામાં આવ્યા છે. લીડો ગુવાહાટી ઈન્ટરસિટી, ડિબ્રુગઢ ઈન્ટરસીટી સહિતની ટ્રેનો રદ કરવામાં આવી છે. સચિવાલયની પાસે હિંસક અથડામણ થઈ હતી. જોરહાટ, ગોલાઘાટ, ડિબ્રુગઢ, તીનસુકિયા, શિવસાગર, સોનીતપુર સહિતના વિસ્તારોમાં લોકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. નાગરિક સુધારા બિલને લઈને વિરોધ પ્રદર્શન હાલ જારી રહે તેવી શક્યતા છે. આસામ ઉપરાંત દેશના અન્ય ભાગોમાં પણ વિરોધ પ્રદર્શન જારી છે. સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા કર્ણાટકે આજે બેંગ્લોરમાં આ બિલની સામે જોરદાર દેખાવો કર્યા હતા. પૂર્વોત્તરના રાજ્યોની સાથે સાથે અન્ય કેટલાક હિસ્સાઓમાં પણ વિરોધ પ્રદર્શન જારી છે. બિલનો વિરોધ કરી રહેલા ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયનનું કહેવું છે કે, તેની સામે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવશે. મુખ્ય સલાહકાર ભટ્ટાચાર્યએ કેન્દ્રની ભાજપ સરકારની આકરી ટિકા કરી છે અને કહ્યું છે કે, ઉત્તરપૂર્વના લોકો આને કોઈ કિંમતે સ્વીકારશે નહીં. નાગરિક સુધારા બિલ સામે લડવા કાયદાકીય રસ્તાને અપનાવવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવશે.

ગોએરે પોતાના ઘરેલુ નેટવર્કને વધુ મજબુત બનાવ્યુ

વિન્ટર શિડ્યૂલમાં ૨૨ નવી ફ્લાઈટ્સનો ઉમેરો કર્યો

ગોએર કે જે ભારતની સૌથી વધુ વિશ્વસનીય, નિયમિત અને સૌથી ઝડપથી વિકસતી એરલાઈન છે જેણે આજે પોતાની કાયમી વિકસતાજતા નેટવર્કમાં ૨૨ નવી ફ્લાઈટ્સનો ઉમેરો કરવાની જાહેરાત કરી છે. તેમાં બે નવા ડેસ્ટીનેશન્સ, વારાણસી અને ઈન્દોરનો પણ સમાવેશ થાય છે અને તેના પ્રવર્તમાન નેટવર્ક પર ૬ નવા જોડાણો જેમ કે બેંગાલુરૂ-કોચી, કોચી-હૈદરાબાદ, દિલ્હી-વારાણસી, અમદાવાદ-વારાણસી, દિલ્હી-ઈન્દોર, અમદાવાદ-ઈન્દોરનો સમાવેશ થાય છે. તેમજ દિલ્હી-ગોવા સેક્ટરમાં વિસ્તરિત ફીકવન્સીનો પણ સમાવેશ કરાયો છે. ગોએરના ડિરેક્ટર જેહ વાડીયાએ જણાવ્યું હતું કે ‘‘ગોએર કેલેન્ડર વર્ષને સફળતાપૂર્વક-આક્રમક નેટવર્ક વિસ્તરણ, એરક્રાફ્ટના વધારા, અમારા પ્રવર્તમાન નેટવર્ક પર ૬ નવા ડેસ્ટીનેશન્સના ઉમેરા સાથે બંધ કરશે. છેલ્લા ૧૨ મહિનામાં અમારા નેટવર્કની ક્ષમતામાં ૩૩ ટકાનો વધારો થયો છે, જેમાં ૧૭ નવા એરક્રાફ્ટ ઉડાન કાફલામાં ઉમેરવામાં આવ્યા છે તેના પરિણામે ૧૦૦ નવી ફ્લાઈટો આવી છે. અમે અમારા નેટવર્ક પર ૧૦ નવા એરપોર્ટનો ઉમેરો કર્યો છે જેમાં કુકેટ, માલી, અબુધાબી, મસ્કત, દુબઈ, બેંગકોક, કુવૈત, સિંગાપોર, કન્નૂર અને ઐઝવાલનો સમાવેશ થાય છે.

‘સે યસ ટુ પેપર’ : સિંગલ યુઝ પ્લાસ્ટીકના વિકલ્પ તરીકે પર્યાવરણમિત્ર પેપરનો વપરાશ વધશે

હાઈવ ગ્રૂપ, પીએલસી લંડનની સંપૂર્ણ સબસિડયરી હાઈવ ઈન્ડિયા દ્વારા નવી દિલ્હીમાં યોજાઈ રહેલા વિશ્વના સૌથી મોટા પેપર ફેર પેપરેક્સ ૨૦૧૯માં સિંગલ યુઝ પ્લાસ્ટીકનાં પર્યાવરણને લગતાં મુદ્દાઓની ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આગામી સમયમાં પ્લાસ્ટીકનુ સ્થાન પેપર લેશે તેવુ જાણવા મળ્યુ છે. પેપરેક્સ ૨૦૧૯માં ગુજરાતની ૬૮ પેપર મિલ્સ અને કેટલીક મોટી લિસ્ટેડ કંપનીઓ ભાગ લીધો હતો. વિશ્વના સૌથી મોટા પેપર શો માં આ વર્ષ પ્રથમવાર ગુજરાતની ૭૦૦ એમએસએમઈ નવી કંપનીઓ ૭ ટ્રેડર્સ પણ ભાગ લીધો હતો.

ગુજરાતમાં હાલમાં ૧૨૨ કાર્યરત મિલ્સ છે જે વાર્ષિક ૬૨ લાખ ટન જેટલા કાગળનુ ઉત્પાદન કરે છે. ભારતના કુલ પેપર ઉત્પાદનમાં ગુજરાતના ૨૧ ટકાનો હિસ્સો છે. ભારતમાંથી છેલ્લા ત્રણ વર્ષમાં કાગળની નિકાસ વાર્ષિક ૬,૬૦,૦૦૦ ટનથી વધીને ૧૫,૦૦,૦૦૦ ટનની થઈ છે. પેપર અને સંબંધિત ઉદ્યોગો ભારતમાં અંદાજે ૫૦ મિલિયન જેટલા લોકોને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે રોજગારી પુરી પાડે છે. હાઈવ ઈન્ડિયાનાં ડાયરેક્ટર સંજીવ બાત્રાના જણાવ્યા અનુસાર હવેનો સમય સે યસ ટુ પેપર કહેવાનો છે. મૂળભૂત અને ટેકનોલોજીકલ ક્રાંતિને કારણે આજે આપણે જે પેપરનું ઉત્પાદન કરીએ છીએ તે ૧૦૦ ટકા રિસાયકલેબલ અને બાયોડિગ્રેબલ છે.